
# 2. બાપુજી



**કિશનસિંહ ચાવડા**

**જન્મ : ૧૯૦૪ મૃત્યુ : ૧૯૭૯**

કિશનસિંહ ગોવિંદસિંહ ચાવડા, 'જિપ્સી' : તેઓશ્રી નિબંધકાર, નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર, સંપાદક, અનુવાદક હતા. તેમનો જન્મ વડોદરામાં. મૂળ વતન સુરત જિલ્લામાં સચીન પાસેનું ભાંજ ગામ. વડોદરા, ગૂજરાત વિદ્યાપીઠ અને શાંતિનિકેતનમાં શિક્ષણ લીધેલું. થોડો સમય ફેલોશિપ હાઈસ્કૂલમાં, ત્યારબાદ મુંબઈમાં શિક્ષક. તેમણે રાજા-મહારાજાઓના એડીસી, અંગત મદદનીશ તરીકે કામ કર્યું હતું. ૧૯૨૭-૨૮માં પોંડિચેરી આશ્રમમાં. વડોદરામાં 'સાધના મુદ્રણાલય'ની સ્થાપના કરેલી. નર્મદ સુવર્ણચંદ્રક પ્રાપ્ત. ૧૯૬૦થી અલમોડા પાસે મીરતોલા આશ્રમમાં નિવાસ. ગુજરાતી ગદ્યને આગવી રીતે ખેડનારા નિબંધકારોમાં તેમનું ચોક્કસ સ્થાન છે. જીવનમાંગલ્યની સાધના કરનારા મનુષ્યોનાં ભાવસભર ચરિત્રો અને ચિત્રાત્મક શૈલી તેમના નિબંધોની વિશેષતા છે. 'અમાસના તારા', 'જિપ્સીની આંખે' નિબંધસંગ્રહોના નિબંધો આ દૃષ્ટિએ નોંધપાત્ર છે.

પોતાને ગમી ગયેલી, પોતાના ઉપર અસર કરી ગયેલી, પોતાના જીવનને કોઈ નવો અર્થ સમજાવી ગયેલી, નવાં જીવનમૂલ્યો, જીવનદર્શન આપી ગયેલી જે વ્યક્તિઓ સાથે પોતાનો અવિસ્મરણીય પ્રસંગ કે પ્રસંગો બન્યા હોય તેવી વ્યક્તિનાં જે તે ગુણલક્ષણોનું શબ્દચિત્ર આપી તે વ્યક્તિને શબ્દરૂપે જીવતી રાખવાની કળા તે વ્યક્તિચિત્ર. વ્યક્તિચિત્રની એક મુખ્ય શરત એ છે કે જે વ્યક્તિનું શબ્દચિત્ર લેખક આપે છે તેનો તેને અંગત પ્રત્યક્ષ અનુભવ હોય. માત્ર તેને વિશે વાંચીને, સાંભળીને, માહિતી એકઠી કરીને જો લખાણ થાય તો તે જીવનચરિત્ર અથવા જીવનચરિત્રનો અંશ બની જાય. જે રીતે ચિત્રકાર પોતાની પાસેની પેન્સિલથી, પેનથી, પીંછીથી રેખાના થોડા આકારો કૅનવાસ કે કાગળ ઉપર ઉપસાવીને કોઈ વ્યક્તિનું રેખાચિત્ર દોરે છે. તેની સાથે આ વ્યક્તિચિત્રને સરખાવી શકાય. લેખક વાસ્તવિકતાની - જે કશું ખરેખર બન્યું હોય તેવી જ વાત કરે. એ જે બન્યું હોય તેમાં પ્રસંગ કરતાં, લખનાર કરતાં સામેની વ્યક્તિનું જ મહત્ત્વ વધારે હોય. જો પ્રસંગનું મહત્ત્વ વધારે હોય તો સ્મૃતિચિત્ર અથવા સ્મરણલેખ બની રહે. પણ રજૂ થયેલા લેખમાં સામેની વ્યક્તિ કેન્દ્રમાં હોય તો જ તે વ્યક્તિચિત્ર બની રહે. શબ્દોની મદદથી, ભાષાની મદદથી તે રજૂ થયું હોવાથી તે શબ્દચિત્ર તો બને છે જ પણ વ્યક્તિનું કેન્દ્રસ્થ મહત્ત્વ હોવાથી તે વ્યક્તિચિત્ર બને છે.

ગુજરાતી સાહિત્યમાં શ્રી ઉમાશંકર જોશીની 'હૃદયમાં પડેલી છબીઓ' અને શ્રી વિનોદભટ્ટની 'વિનોદની નજરે' વ્યક્તિચિત્રોના જાણીતા સંગ્રહો છે.

આ રેખાચિત્રમાં બાપુજીનું વ્યક્તિત્વ રજૂ થયું છે. મૃત્યુની પીડા પણ એ સહન કરી લે છે. પોતાના પુત્રને પોતે વંશપરંપરાનું આપેલું વચન પાળવા સૂચવે છે. સાથે 'કોઈનું બુરું ન કરવા' માટેનો ઉપદેશ પણ આપે છે.

---

રાત્રે બાપુજીને શરીરે ઠીક નહોતું. એટલે એ જમ્યા નહીં. મેં અને બાએ એક જ થાળીમાં થોડું જેમતેમ ખાઈ લીધું. રાતે બાએ બાટલીવાળાનું પેનકિલર બાપુજીને પાયું. અમે સૂઈ ગયાં. મધરાતે હું

ચોંકીને જાગી ઊઠ્યો. જોયું તો બાપુજી વેદના ન સહન થવાથી બિછાનામાં બેસી પોતાના એક હાથ વડે બીજા હાથને દબાવી રહ્યા છે. બાને દીઠી નહીં. દીવો તેજ થયેલો હતો. મારાથી પુછાઈ ગયું : શું છે બાપુજી ? બા ક્યાં ગઈ ?

"હમણાં આવે છે, બેટા, આ તો સહેજ હાથ દુઃખે છે." એમણે કહ્યું. પરંતુ એમના મુખ ઉપર વિવશતા અને વેદના હતાં. બીજાને આશ્વાસન આપતો એમનો પ્રતાપી અવાજ દીનતા ધારી રહ્યો અને શ્રદ્ધા પ્રેરતી એમની તેજસ્વી આંખોમાં ગમગીની આંસુ બનીને બેઠી હતી. હું વિકળ થઈ ગયો. એટલામાં બા મામા અને મામીને બોલાવી આવી. થોડી વારમાં અમારું નાનું ઘર માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. મામા દોડીને છોટાલાલ વૈદ્યને બોલાવી લાવ્યા. મામી મને બહાર લઈ ગયાં. કલાકેક પણ નહીં વીત્યો હોય ને મેં બાની ચીસ સાંભળી. હું ફાળ ભરીને અંદર દોડ્યો. બાપુજીને પ્લેગની ગાંઠ નીકળી હતી. બાને રડતી જોઈને મારા હૈયે પણ માઝા મૂકી દીધી. છોટાકાકા આખો દિવસ બાપુજીની સારવારમાં રહ્યા. બપોરે શહેરના બે ડોક્ટરો આવ્યા પણ સૌએ આશા છોડી દીધી.

સમીસાંજ હતી, સૌનો જીવ તાળવે ચોંટ્યો હતો. બાની સ્થિતિ બહુ કરુણ હતી. છગન પટેલ મને તેડવા આવી પહોંચ્યા હતા. એ તો બિચારા આ પરિસ્થિતિ જોઈને ડઘાઈ જ ગયા. બાપુજીએ બાને કહીને સૌને બહાર મોકલાવ્યા અને મને અંદર બોલાવ્યો. માત્ર બા, છગન પટેલ, મામા અને છોટાલાલ વૈદ્ય અંદર રહ્યા. બાપુજીએ મને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવ્યો. ગાલ પર આંગળી મૂકી. દૃષ્ટિ મળીને હું રોઈ પડ્યો. ધીરે અવાજે બાપુએ બા પાસે પાણી માગ્યું. મારી ઉપર નજર ઠેરવીને બોલ્યા : "બેટા, પાણી મૂક." બા અને પાસે બેઠેલાં સૌ જરાક ઊંચાં થઈ ગયાં. વધુ ધીરા અવાજે એમણે કહ્યું : "મારા બાપુએ આપણી પરંપરાગત બધી મિલકત સૂરતના નિરાંત મંદિરને બક્ષિસ આપી દીધી છે પણ એનું વિલ કર્યું નથી. મારી પાસે મરતી વખતે પાણી મુકાવ્યું હતું કે હું એ મિલકત પાછી નહીં માગું અને મેં પાણી મૂક્યું હતું. બીજે વરસે હું ને તારી બા સ્વેચ્છાએ ગરીબી સ્વીકારીને અહીં ચાલ્યાં આવ્યાં. માસીએ આ ઘર ના આપ્યું હોત તો રહેવા છાપરું પણ નહોતું. પણ ઈશ્વરે આપણને ભૂખ્યાં નથી સૂવા દીધાં. એ જ ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને તું પણ પાણી મૂક કે એ વંશપરંપરાની મિલકત તું પણ પાછી નહીં માગે, અને મેળવવા માટે દાવાદૂવી નહીં કરે."

બાએ મારા જમણા હાથની અંજલિમાં પાણી રેડ્યું અને કહ્યું : "બેટા, પાણી મૂકો કે એ મિલકત આપણે પાછી મેળવવાનો વિચાર સુદ્ધાં નહીં કરીએ." અને મેં બાપુજીના શબ્દોની સાથે બાના શબ્દો ઉમેરીને પાણી મૂક્યું.

"બેટા, કોઈનું ભલું ના કરી શકો તો કાંઈ નહીં, પણ કોઈનું બૂરું ના કરશો !" કહીને બાપુજીએ ફરીથી મારે માથે હાથ મૂક્યો. એ હાથ મારે માથે જ રહ્યો ને બાપુજી ચાલ્યા ગયા.

## ટિપ્પણ

**પેનકિલર** - દર્દ શમાવવાની દવા **વિવશતા** - લાચારી **દીનતા** - લાચારી **ગમગીની** - ઉદાસી **વિકળ** - વ્યાકુળ **કરુણ** - દયાજનક **બક્ષિસ** - ભેટ **અંજલિ** - ખોબો

## રૂઢિપ્રયોગ

**ફાળ ભરીને દોડવું** - ઝડપથી દોડવું

**માઝા મૂકવી** - હદ ઓળંગી જવી
**જીવ તાળવે ચોંટવો** - ભારે ઉચાટ થવો, ખૂબ ચિંતા થવી
**માથે હાથ ફેરવ્યો** - આશીર્વાદ આપવા
**માથે હાથ મૂક્યો** - આશીર્વાદ આપવા
**પાણી મૂકવું** - પ્રતિજ્ઞા લેવી

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. બાપુજી શા માટે જમ્યા નહીં ?
2. બાપુજી કયા રોગથી પીડાતા હતા ?
3. બાપુજી લેખક પાસે કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?
4. બાપુજીના અંતિમ શબ્દો કયા હતા ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. લેખક મધરાતે કયું દૃશ્ય જોઈને ચોંકી ઊઠ્યા ?
2. છગન પટેલ શામાટે ડઘાયેલા હતા ?
3. લેખકને અંદર બોલાવી બાપુજી શું કરે છે ?
4. બા લેખકને કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

1. બાપુજીએ લેખકને શું બોધ આપ્યો તેનું વર્ણન કરો.
2. આ ગદ્યખંડમાંથી તમને શું પ્રેરણા મળી તે જણાવો.

**પ્રશ્ન 4. સમાનાર્થી શબ્દ લખો.**

બાપુજી, વેદના, નજર, ઈશ્વર, બક્ષિસ

**પ્રશ્ન 5. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

આશા, ભલું, ગરીબી

**આટલું કરો**

1. બીમારીમાં તમને કેવા વિચારો આવે છે તે જણાવતો પત્ર તમારા મિત્રને લખો.
2. 'પ્લેગ' વિશે માહિતી આપતું પ્રવચન તૈયાર કરી શાળાની પ્રાર્થના સભામાં રજૂ કરો.
3. 'ભલાઈ'નો બોધ આપતી કોઈ વાર્તા વર્ગખંડમાં કહો.

●

## સમાનાર્થી

મિત્રો, તમે જાણો છો કે જ્યારે એક શબ્દના એકથી વધુ અર્થ જાણતા હોવ તો તમે તમારા લખાણને વધુ સચોટ, સમૃદ્ધ કે આલંકારિક બનાવી શકો છો. યોગ્ય અર્થ સંદર્ભના જેના કારણે તમારા ઉત્તરો ઉપરાંત નિબંધ, વાર્તા આદિ આકર્ષક બની શકે છે. અહીં તમારી કૃતિમાં આવતા કેટલાક શબ્દોના સમાનાર્થી આપ્યા છે. આ શબ્દોનો અભ્યાસ કરો, તમારી ભાષાને વધુ સમૃદ્ધ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| અગ્નિ | આગ | અનલ | આતશ | |
| અનુચર | ચાકર | નોકર | દાસ | |
| આકાશ | નભ | ગગન | આભ | |
| આબેહૂબ | યથાતથ | તાદૃશ | હૂબહૂ | |
| કમળ | પદ્મ | પંકજ | સરોજ | |
| કાયા | શરીર | તન | દેહ | |
| કુસુમ | પુષ્પ | ફૂલ | સુમન | |
| ક્ષેત્ર | ખેતર | ભૂમિ | જમીન | |
| ક્ષેત્ર | વિસ્તાર | | | |
| ગિરિધર | કૃષ્ણ | શ્રીનાથજી | | |
| ઘર | ગૃહ | રહેઠાણ | નિવાસ | આવાસ |
| ઘોડો | તોખાર | અશ્વ | તુરગ | |
| ચક્ષુ | આંખ | નયન | નેત્ર | |
| દરિયો | સાગર | સમુદ્ર | મહેરામણ | |
| દિન | દિવસ | અહ્ન | દહાડો | |
| ધરતી | ભૂમિ | ભોમકા | પૃથ્વી | જમીન |
| ધોરી | બળદ | | | |
| નિધન | મૃત્યુ | મરણ | અવસાન | મોત |
| પંખી | પક્ષી | વિહગ | ખગ | ખેચર |
| પાણી | જળ | નીર | વારિ | |
| પ્રીતિ | પ્રેમ | સ્નેહ | નેહ | |
| બગીચો | ઉપવન | ઉદ્યાન | બાગ | |
| મહેનત | શ્રમ | પરિશ્રમ | ઉદ્યમ | |
| મંદિર | દેવાલય | દેરું | | |
| માનવતા | માણસાઈ | ઈન્સાનિયત | | |
| લક્ષ્મી | ધન | દોલત | | |
| વિશ્વ | જગત | દુનિયા | સંસાર | જગ |

| | | | | |
|---|---|---|---|---|
| વિશ્વાસ | ભરોસો | પતીજ | યકીન | |
| વિસ્મય | આશ્ચર્ય | અચરજ | નવાઈ | |
| શરીર | કાયા | તન | દેહ | |
| સંપત્તિ | દોલત | ધન | સમૃદ્ધિ | |
| સૂર્ય | આદિત્ય | સૂરજ | રવિ | ભાનુ |
| સોદાગર | વેપારી | | | |

**નોંધ :** ઉપર સમાનાર્થી તરીકે વપરાતા શબ્દોમાંથી અમુક ચોક્કસ જગ્યાએ, ચોક્કસ સંદર્ભમાં કોઈ એક જ શા માટે પસંદ થઈ શકે છે તે જાણવાનો પ્રયત્ન કરો. દા.ત. 'સપનાંનો સોદાગર' એમ 'સપનાં' વેચવાની વાત હોય તો સોદાગર જ વપરાય, વેપારી ન વપરાય. તે જ રીતે 'શાકભાજીનો વેપારી' એમ શાકભાજી વેચવાની વાત હોય તો વેપારી જ વપરાય. ત્યાં 'શાકભાજીનો સોદાગર' વાપરીએ તો બધાંને રમૂજ થાય. આ રીતે દરેક શબ્દ કઈ ચોક્કસ જગ્યાએ, ચોક્કસ સંદર્ભ અથવા ચોક્કસ અન્ય શબ્દો સાથે વપરાય છે તે શોધી કાઢો. આવી શોધમાં તમારું મગજ કસાશે અને તમને મજા પણ પડશે.